# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

## તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૫**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય :** સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## બૃહદ્ શાંતિ – (ચાલુ)

**(૪) ૐ રોહિણી -પ્રજ્ઞપ્તિ - વજશૃઙ્ખલા વજ્રાઙ્કુશી -અપ્રતિચક્રા- પુરુષદત્તા-કાલી - મહાકાલી-ગૌરી -ગાન્ધારી- સર્વાસ્ત્રામહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા -માનસી- મહામાનસી ષોડશવિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ॥૭॥**

**શબ્દાર્થ -**

સ્પષ્ટ છે.

**અર્થ-સંકલના-**

ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજશ્રૃંખલા, વજાંકુશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગંધારી, સર્વાસ્ત્રામહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અછુપ્તા, માનસી અને મહામાનસી એ સોળ વિદ્યાદેવીઓ

તમારું રક્ષણ કરો. સ્વાહા....૭

**મૂળ-**

**(૫) ૐ આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણસ્ય શ્રી શ્રમણ-સઙ્ઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભુવતુ પુષ્ટિર્ભવતુ ॥૮॥**

**શબ્દાર્થ-**

**ૐ** -ૐ

**આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણસ્ય** - આચાર્ય ઉપાધ્યાય વગેરે ચાર વર્ણવાળા.

**શ્રી શ્રમણ-સંઘસ્ય**-શ્રી શ્રમણ સંઘને.

**શાન્તિઃ**-શાંતિ.

**ભવતુ**-થાઓ.

**તુષ્ટીઃ** -તુષ્ટિ (તોષ, સંતોષ.)

**ભવતુ**-થાઓ.

**પુષ્ટિઃ**-પુષ્ટિ (પોષણ, વૃદ્ધિ.)

**ભવતુ**- થાઓ.

**અર્થ-સંકલના-**

**ૐ** આચાર્ય, ઉપાધ્યાય વગેરે ચાર પ્રકારના શ્રીશ્રમણસંઘને શાંતિ થાઓ, તુષ્ટિ થાઓ, પુષ્ટિ થાઓ...૮

**મૂળ-**

**(૬) ૐ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાઙ્ગારક-બુધ -બૃહસ્પતિ- શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કુબેર-વાસવાદિત્ય-સ્કન્દ-વિનાયકોપેતા યે ચાન્યેઽપિ ગ્રામ-નગર-ક્ષેત્ર-દેવતાઽયસ્તે સર્વે પ્રીયન્તાં અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા ॥૯॥**

**શબ્દાર્થ-**

**ૐ** -ૐ

**ચન્દ્ર-સૂર્યાઙ્ગારક-બુધ -બૃહસ્પતિ- શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ** -ચંદ્ર, સૂર્ય, મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુથી સહિત.

**સલોકપાલાઃ**-લોકપાલો સહિત.

**સોમ-યમ-વરુણ-કુબેર-વાસવાદિત્ય-સ્કન્દ-વિનાયકોપેતા**-સોમ, યમ, વરુણ, કુબેર, ઈન્દ્ર, સૂર્ય, કાર્તિકેય અને વિનાયક સહિત.

**યે** -જે.

**ચ**- અને

**અન્યે અપિ** - બીજા પણ.

**ગ્રામ-નગર-ક્ષેત્ર-દેવતાદયઃ**- ગ્રામદેવતા, નગરદેવતા, ક્ષેત્રદેવતા વગેરે.

**તે**- તે.

**સર્વે** - સર્વે.

**પ્રીયન્તાં પ્રીયન્તામ્** - પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

**અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા** -અક્ષય કોશ અને કોઠારવાળા.

**નરપતય**-રાજાઓ.

**ચ**- અને

**ભવન્તુ** - થાઓ.

**સ્વાહા**-સ્વાહા.

**અર્થ-સંકલના-**

**ૐ** ચંદ્ર, સૂર્ય, મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ વગેરે ગ્રહો, લોકપાલો-તે સોમ, યમ, વરુણ, (અને) કુબેર, (તેમજ) ઇન્દ્ર, સૂર્ય, કાર્તિકેય, ગણપતિ વગેરે દેવો તથા ગ્રામદેવતા, નગરદેવતા, ક્ષેત્રદેવતા વગેરે બીજા પણ જે દેવો હોય, તે સર્વે પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ અને રાજાઓ અક્ષય કોશ-કોઠારવાળા થાઓ. સ્વાહાઃ....૯

**મૂળ-**

**(૭) ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન સમ્બન્ધિ-બન્ધુવર્ગ-સહિતા નિત્યં ચામોદ - પ્રમોદ-કારિણઃ (ભવન્તુ સ્વાહા) ॥ ૧૦॥**

**શબ્દાર્થ**

**ૐ** -ૐ

**પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન સમ્બન્ધિ-બન્ધુવર્ગ-સહિતા**-પુત્ર, મિત્ર, ભાઇ, સ્ત્રી, હિતૈષી, જ્ઞાતીલા, સ્નેહીજનો, તથા સગાંવહાલાં સહિત.

**નિત્યં**-પ્રતિદિન.

**ચ**-અને.

**આમોદ -પ્રમોદ-કારિણઃ**-આનંદ-પ્રમોદ કરનારા સુખી.

**ભવન્તુ** - થાઓ, **સ્વાહા**-સ્વાહા.

**અર્થ-સંકલના-**

**ૐ** તમે પુત્ર (પુત્રી), મિત્ર, ભાઇ (બ્હેન) ભાર્યા, હિતૈષી, જ્ઞાતીલા, સ્નેહીજનો અને સગાંવહાલાં સહિત આનંદ-પ્રમોદ કરનારા થાઓ-સુખી થાઓ...૧૦.

**મૂળ-**

**(૮) અસ્મિંશ્ચ ભૂમણ્ડલા, આયતન-નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ- દુઃખ-દુર્ભિક્ષ-દૌર્મનસ્યોપશમનાય શાન્તિર્ભવતુ ॥ ૧૧ ॥**

**શબ્દાર્થ**

**અસ્મિન્** -આ.

**ચ**-અને.

**ભૂમણ્ડલ**-ભૂમંડલને વિષે. ભૂ- અનુષ્ઠાનભૂમિનો મધ્ય ભાગ. મણ્ડલ-તેની આસપાસની જગા. સ્નાત્રવિધિ કરતી વખતે જે જગાની મર્યાદા બાંધી હોય, તેને ભૂમંડલ કહેવામાં આવે છે.

**આયતન-નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં** -પોતપોતાનાં સ્થાનમાં રહેલા

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનાં.

**રોગોપસર્ગ-વ્યાધિ-દુઃખ-દુર્ભિક્ષ-દૌર્મનસ્યોપશમનાય** -રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુઃખ દુષ્કાલ અને વિષાદનો નાશ કરવાને અર્થે

**શાન્તિ**-શાંતિ. અરિષ્ટના અથવા કષાયોદયના ઉપશમરૂપ.

**ભવન્તુ** -થાઓ.

**અર્થ-સંકલના-**

અને આ ભૂમંડલમાં પોતાનાં સ્થાનમાં રહેલા સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકાઓના રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને વિષાદનાં ઉપશમનદ્વારા શાંતિ થાઓ...૧૧

**મૂળ-**

**(૯) ૐ તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ-માઙ્ગલ્યોત્સવાઃ સદા, પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ, દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા।। ૧૨।।**

**શબ્દાર્થ**

**ૐ** - ૐ

**તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ-માઙ્ગલ્યોત્સવાઃ** - તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, માંગલ્ય અને અભ્યુદય.

**સદા** - નિંરતર.

**પ્રાદુર્ભૂતાનિ**- ઉત્પન્ન થયેલાં.

**પાપાનિ** - પાપકર્મો.

**શામ્યન્તુ**- શાંત થાઓ, નાશ પામો.

**દુરિતાનિ** - ભય, મુશ્કેલીઓ.

**શત્રવઃ** - શત્રુઓ.

**પરાઙ્મુખા** - વિમુખ.

**ભવન્તુ** - થાઓ.

**સ્વાહા** - સ્વાહા.

**અર્થ-સંકલના-**

**ૐ** તમને સદા તુષ્ટિ થાઓ, પુષ્ટિ થાઓ, ઋદ્ધિ મળો, વૃદ્ધિ મળો, માંગલ્યની પ્રાપ્તિ થાઓ અને તમારો નિંરતર અભ્યુદય થાઓ. તમારાં ઉત્પન્ન થયેલાં પાપકર્મો નાશ પામો, ભયો શાંત થાઓ, તેમ જ તમારા શત્રુઓ વિમુખ થાઓ. સ્વાહા...૧૨

**મૂળ-**

(૪. શ્રી શાન્તિનાથ-સ્તુતિઃ)

(અનુષ્ટુપ્)

**(૧) શ્રીમતે શાન્તિનાથાય, નમઃ શાન્તિવિધાયિને।**
**ત્રૈલોક્યસ્યામરાધીશ-મુકુટાભ્યર્ચિતાઙ્ઘ્રયે॥૧૩॥**

**શબ્દાર્થ**

**શ્રીમતે** -શ્રીમાન્, પૂજ્ય.
**શાન્તિનાથાય** -શ્રી શાન્તિનાથાય ભગવાનને.
**નમઃ** -નમસ્કાર હો.
**શાન્તિવિધાયિને** -શાંતિ કરનારા.
**ત્રૈલોક્યસ્ય** -ત્રણેલોકનાં પ્રાણીઓને.
**અમરાધીશ-મુકુટાભ્યર્ચિતાઙ્ઘ્રયે** -દેવેન્દ્રોના મુગટવડે પૂજાયેલા ચરણવાળાને, જેમનાં ચરણો દેવેંદ્રોના મુગટો વડે પૂજાયેલા છે તેમને.
**અમરાધીશ**-દેવેન્દ્ર. મુકુટ- મુગટ.
**અભ્યર્ચિતાઙ્ઘ્રયે**-પૂજાયેલા ચરણવાલા.

**અર્થ-સંકલના-**

ત્રણ લોકનાં પ્રાણીઓને શાંતિ કરનારા અને દેવેન્દ્રોના મુગટવડે પૂજાયેલા ચરણવાળા, પૂજ્ય શાંતિનાથ ભગવાનને નમસ્કાર હો...૧૩

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## સમુદ્‌ઘાતદ્વાર...

एगिंदियाण केवल, तेउ आहारग विणा उ चत्तारि ।
ते वेउव्विय वज्जा, विगला सन्नीण ते चेव ।। १७ ।।

એકેન્દ્રિયને કેવળી તૈજસ અને આહારક એ ત્રણ સમુદ્‌ઘાત વિના ચાર સમુદ્‌ઘાત હોય છે.

તે ત્રણ તથા વૈક્રિય (એમ ચાર) વર્જી તે ત્રણ સમુદ્‌ઘાત વિકલેન્દ્રિય અને અસંજ્ઞીને નિશ્ચે હોય છે.

એકેન્દ્રિયોને કેવળજ્ઞાનની સંભાવના નથી તેથી ત્યાં કેવળી સમુદ્‌ઘાત નથી. એકેન્દ્રિયોને તેજોલેશ્યા કે શીતલેશ્યાની લબ્ધિ નથી તેથી તૈજસ સમુદ્‌ઘાત નથી... આહારક લબ્ધિ પણ ન હોવાથી આહારક સમુદ્‌ઘાત પણ નથી. સાત સમુદ્‌ઘાતમાંથી ત્રણ સમુદ્‌ઘાત નથી તેથી ચાર સમુદ્‌ઘાત હોય છે (વૈક્રિય સમુદ્‌ઘાત કેવલ વાયુકાયને હોય છે.)

બેઇન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિયને વૈક્રિય લબ્ધિ ન હોવાથી એમને ઉપરોક્ત ત્રણ (કેવળી-તૈજસ અને આહારક) સાથે વૈક્રિય સમુદ્‌ઘાત પણ ન હોવાથી ફક્ત ત્રણ સમુદ્‌ઘાત સંભવે છે.

## સમુદ્‌ઘાત દ્વાર (ચાલુ) તથા ૧૦ દૃષ્ટિ દ્વાર

पण गभ तिरि सुरेसु, नारय वाउसु चउर तिय सेसे ।।
विगल दु दिट्ठी थावर, मिच्छत्ति सेस तिय दिट्ठी ।। १८ ।।

ગર્ભજ તિર્યંચ અને દેવતાને (પ્રથમના) પાંચ, નારકી અને વાયુકાયને ચાર સમુદ્‌ઘાત હોય છે.

વિકલેન્દ્રિયને બે દૃષ્ટિ અને સ્થાવરને વિષે એક મિથ્યાદૃષ્ટિ જ હોય છે. બાકીના જીવો પણ ત્રણ દૃષ્ટિ યુક્ત હોય છે.

ગર્ભજ તિર્યંચ અને દેવતાઓને આહારક લબ્ધિ જ ન હોય, તેથી એમને આહારક શરીર બનાવવાનું ન હોવાથી ત્યાં આહારક સમુદ્‌ઘાત હોય જ નહીં. તેવીજ રીતે ગર્ભજ તિર્યંચ અને દેવોને કેવળજ્ઞાન ન હોવાથી કેવળી સમુદ્‌ઘાત પણ ન હોય. તેથી એમને પ્રથમના પાંચ સમુદ્‌ઘાત જ હોય છે.

## દૃષ્ટિ

**દૃષ્ટિ એટલે પદાર્થને સમજવામાં અને સ્વીકારવામાં આપણી માન્યતા આપણું વલણ.** દૃષ્ટિ ત્રણ પ્રકારની છે - (૧) મિથ્યાદૃષ્ટિ (૨) સમ્યગ્દૃષ્ટિ (૩) મિશ્રદૃષ્ટિ

મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી પરમાત્માના વચનો ઉપર શ્રદ્ધા ન આવે તે મિથ્યાદષ્ટિ છે.

મિથ્યાત્વ મોહનીય કર્મના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયથી પરમાત્મા ઉપર શ્રદ્ધા અને આચરણમાં મૂકી શકે કે ના મૂકી શકે પરંતુ પરમાત્માના વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય તે સમ્યગ્ દૃષ્ટિ છે.

પરમાત્માના વચનોમાં શ્રદ્ધા પણ ન હોય અશ્રદ્ધા પણ ન હોય તે મિશ્રદષ્ટિ છે. મિશ્ર મોહનીય કર્મના ઉદયથી જીવ મિશ્રદષ્ટિ બને છે.

સ્થાવર એટલે એકેન્દ્રિય જીવ, જેમાં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયને એક જ મિથ્યાદષ્ટિ હોય છે.

વિકલેન્દ્રિય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય તથા ચઉરિન્દ્રિયને મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ આ બે દૃષ્ટિ હોય છે.

અન્ય બધા જીવોને ત્રણ દૃષ્ટિ હોય છે.

## (૧૧) દર્શન દ્વાર

**थावर बितिसु अचक्खु, चउरिंदिसु तद्दुगं सुअे भणिअं ।।**
**मणुआ चउ दंसणिणो, सेसेसु तिंगं तिगं भणियं ।।१९।।**

સ્થાવર, બેઇન્દ્રિય અને તેઈન્દ્રિય વિષે અચક્ષુદર્શન હોય છે. ચઉરિન્દ્રિયને વિષે બે દર્શન સૂત્રમાં કહ્યા છે. મનુષ્યો ચાર દર્શનવાળા હોય છે. બાકીનાને વિષે ત્રણ-ત્રણ દર્શન કહ્યા છે.

**પદાર્થના સામાન્ય ધર્મને જાણવાની જીવની શક્તિ તે દર્શન છે.** દર્શન ચાર પ્રકારના છે-

**૧. ચક્ષુદર્શન-** ચક્ષુવડે પદાર્થના સામાન્ય સ્વરૂપને, ધર્મને જાણવાની શક્તિ તે ચક્ષુદર્શન છે.

**૨.અચક્ષુદર્શન-** ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિય અને મનવડે પદાર્થના સામાન્ય ધર્મને જાણવાની શક્તિ તે અચક્ષુદર્શન છે.

**૩. અવધિદર્શન -** મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોના સામાન્ય ધર્મને ઇન્દ્રિય-મન વિના જાણવાની જીવની શક્તિ તે અવધિદર્શન છે.

**૪. કેવલદર્શન -** આત્માથી લોક અલોકના ત્રણ કાળના સર્વ રૂપી-અરૂપી દ્રવ્યોના સામાન્ય ધર્મને સમકાળે જાણવાની જીવની શક્તિ તે કેવલદર્શન છે.

| દર્શન | | |
|---|---|---|
| **દંડક સંખ્યા** | **દંડકના નામ** | **દર્શન** |
| ૭ | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, | અચક્ષુ દર્શન |
| ૧ | ચઉરિન્દ્રિય | અચક્ષુ-ચક્ષુદર્શન |
| ૧ | ગર્ભજ મનુષ્ય | ચક્ષુ-અચક્ષુ-અવધિ અને કેવળ-દર્શન |
| ૧૫ | ગ.તિર્યંચ, ૧૩ દેવના- ૧ નારકી | ચક્ષુ-અચક્ષુ અને અવધિ દર્શન |

## (૧૨) જ્ઞાન અને (૧૩) અજ્ઞાન દ્વાર

**अन्नाण नाण तिय तिय, सुर तिरि निरऐ थिरे अन्नाण दुगं ।**

**नाणान्नाण दु विगले, मणुऐ पण नाण तिअन्नाणा ।।२०।।**

ત્રણ અજ્ઞાન અને ત્રણ જ્ઞાન દેવતા, તિર્યંચ અને નારકીને વિષે હોય છે. સ્થાવરને વિષે બે અજ્ઞાન હોય છે. બે જ્ઞાન અને બે અજ્ઞાન વિકલેન્દ્રિયને વિષે હોય છે. મનુષ્યને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે.

**પદાર્થના વિશેષ ધર્મને જાણવાની જીવની શક્તિ તે જ્ઞાન છે.** જ્ઞાનના પાંચ પ્રકાર છે- (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન તથા (૫) કેવલજ્ઞાન

મિથ્યાદષ્ટિના જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવ્યું છે મિથ્યાદષ્ટિને ત્રણ જ જ્ઞાન સંભવે તેથી તે ત્રણ મિથ્યાદષ્ટિના અજ્ઞાન છે તે ત્રણ પ્રકારના અજ્ઞાન આ પ્રમાણે છે.

(૧) મતિઅજ્ઞાન (૨) શ્રુત અજ્ઞાન અને (૩) વિભંગજ્ઞાન

| જ્ઞાન-અજ્ઞાન | | | |
|---|---|---|---|
| **દંડક સંખ્યા** | **દંડકના નામ** | **જ્ઞાન** | **અજ્ઞાન** |
| ૧૫ | ૧૩ દેવોના, તિર્યંચ, નારકી | મતિ-શ્રુત-અવધિ(૩) | મતિ-શ્રુત - વિભંગ (૩) |
| ૫ | સ્થાવર-પૃથ્વીકાય-અપ-તેઉ-વાયુકાય, વનસ્પતિકાય | - | મતિ-શ્રુત અજ્ઞાન (૨) |
| ૩ | વિકલેન્દ્રિય - બેઇન્દ્રિય - તેઇન્દ્રિય - ચઉરિન્દ્રિય | મતિ-શ્રુત જ્ઞાન (૨) | મતિ-શ્રુત -અજ્ઞાન (૨) |
| ૧ | ગ. મનુષ્ય | મતિ,શ્રુત,અવધિ,મનઃપર્યવ, અને કેવલજ્ઞાન (૫) | મતિ-શ્રુત-અવધિ (૩) |

# (૧૪) યોગ દ્વાર

**इक्कारस सुर निरओ, तिरिओसु, तेर पन्नर मणुओसु ।**

**विगले चउ पण वाओ, जोग तिगं थावरे होइ ।। २१ ।।**

દેવતા અને નારકીને વિષે અગ્યાર યોગ હોય છે. ગર્ભજ તિર્યંચને વિષે તેર અને મનુષ્યને વિષે પંદર યોગ છે. વિકલેન્દ્રિયને વિષે ચાર યોગ અને વાયુકાયને વિષે પાંચ યોગ હોય છે.

યોગ એટલે આત્મામા થતું સ્ફૂરણ હલન ચલન અથવા વ્યાપાર યોગના મુખ્ય ત્રણ ભેદ છે અને પેટા ભેદ પંદર છે.

**(૧) મનોયોગ**

(૧) સત્ય મનોયોગ.
(૨) અસત્ય મનોયોગ.
(૩) સત્ય-મૃષા મનોયોગ.
(૪) અસત્ય-અમૃષા મનોયોગ.

**(૨) વચન યોગ**

(૧) સત્ય વચનયોગ.
(૨) અસત્ય વચનયોગ.
(૩)સત્યાસત્ય વચનયોગ.
(૪) અસત્ય અમૃષા વચનયોગ.

**(૩) કાયયોગ**

(૧) ઔદારિક કાયયોગ
(૨) ઔદારિક મિશ્રકાયયોગ.
(૩) વૈક્રિય કાયયોગ.
(૪) વૈક્રિયમિશ્ર કાયયોગ.
(૫) આહારક કાયયોગ.
(૬) આહારક મિશ્ર કાયયોગ.
(૭) તૈજસ કાર્મણ કાયયોગ.

## યોગ

| દંડક સંખ્યા | દંડકના નામ | યોગ |
|---|---|---|
| ૧૪ | ૧૦ ભવનપતિ, ૧ વ્યંતર, ૧ જ્યોતિષી, ૧ વૈમાનિક, તથા નારકિ | ઔદારિક, ઔદારિક મિશ્ર,આહારક,તથા આહારક મિશ્ર, આ ચાર છોડીને(૧૧) |
| ૧ | ગ. તિર્યંચ પંચેન્દ્રિય, | આહારક અને આહારક મિશ્ર વિના (૧૩) યોગ હોય |
| ૧ | ગ. મનુષ્ય | બધાજ ૧૫ યોગ હોય છે. |
| ૩ | વિકલેન્દ્રિય, બે-તે-ચઉરિન્દ્રિય | (૪) ઔદારિક, ઔદારિક મિશ્ર, કાર્મણ કાયયોગ,અને અસત્ય, અમૃષા વચનયોગ |
| ૧ | બાદર, વાયુકાય | (૫)ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિય મિશ્ર, અને કાર્મણ કાયયોગ, |
| ૪ | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, અને વનસ્પતિકાય. | (૩)ઔદારિક, ઔદારિક મિશ્ર, અને કાર્મણ કાયયોગ. |

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

## આઠમા ગુણસ્થાને શ્રેણી દ્વય

આઠમા ગુણસ્થાનથી સાધક મોક્ષમાર્ગ તરફ આગળ વધે ત્યારે બે પ્રકારના માર્ગ છે જે શ્રેણી કહેવાય છે. એક માર્ગમાં સાધક ઉપશમ સમ્યકત્વથી મોહનીયાદિ કર્મોને દબાવતો... ઉપશમાવતો જાય છે આ માર્ગ ઉપશમશ્રેણી કહેવાય છે.

બીજા માર્ગમાં કર્મ દબાવવાને બદલે જીવ કર્મ ક્ષય કરતો જાય છે. કર્મ ખપાવતો મોક્ષને પ્રાપ્ત કરે છે. આ માર્ગ ક્ષપકશ્રેણી કહેવાય છે.

तत्रापुर्व गुणस्थाना - द्यंशादेवाधिरोहति ।
शमकोहि समश्रेणिं क्षपकः क्षपकावलीम् ।।३९।।

આ અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ અંશના અવિરોહણમાં ઉપશમન કરવાવાળા સાધુ મહાત્મા શુકલધ્યાનના પ્રથમ પાયાનું (જેનું સ્વરૂપ આગળ કહેવાશે) ધ્યાન કરતા છતાં ઉપશમશ્રેણી કરે છે અને ક્ષપકશ્રેણીવાળા ક્ષય કરવા યોગ્ય પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

### ઉપશમશ્રેણી યોગ્ય કોણ ?

બે શ્રેણીઓનો પ્રારંભ આઠમા ગુણસ્થાનથી થાય છે. એમાંથી ઉપશમશ્રેણી કોણ કરી શકે ? ઉપશમશ્રેણીએ ચઢનારની યોગ્યતા શું હોય છે ? આ વાત જણાવતા કહે છે–

पूर्वज्ञः शुद्धिमान् युक्तो ह्याद्यैः सहननैस्त्रिभिः ।
सन्ध्यायन्नाद्यशुक्लांशं स्वां श्रेणिं शमकः श्रयेत् ।।४०।।

પૂર્વગત શ્રુતજ્ઞાનને ધારણ કરનાર... અતિચાર રહિત ચારિત્રનું પાલન કરનાર... પ્રથમના ત્રણ સંઘયણમાંથી કોઇ સંઘયણયુક્ત... એવા સાધુ મહાત્મા ઉપશમ શ્રેણી ઉપર આરૂઢ થઇ શકે છે.

ઉપશમશ્રેણીવાળો સાધક કાળ કરે તો ક્યાં જાય ?

મૃત્યુ જીવનની વાસ્તવિકતા છે. એ કોઇ પણ ક્ષણે આવીને ઉભું રહિ શકે છે. મોક્ષ પ્રાપ્તિની નજીક પહોંચેલા સાધકની સમક્ષ આવીને એના સંસારની વૃદ્ધિ કરી શકે છે. ઉપશમશ્રેણી ઉપર આરૂઢ થયેલા સાધુ મહાત્માનું આયુષ્ય પૂર્ણ થાય તો એ ક્યાં જાય તે જાણાવે છે–

श्रेण्यारुढः कृतेकालेऽहमिंद्रे ष्वेवगच्छति ।
पुष्टायुषस्तूपशान्तं नयेच्चारित्रमोहनम् ।। ४१ ।।

જે સાધુ અલ્પ આયુષ્યવાળો છે અને ઉપશમ શ્રેણી ઉપર આરૂઢ થયેલો છે અને કાળકરે તો અહમિન્દ્ર એટલે સર્વાર્થસિદ્ધ દેવલોકમાં જાય છે.

કારણકે વજ ઋષભનારાચ સંઘયણ વાળો જીવ નિયમા સર્વાર્થ સિદ્ધમાં જાય છે. અન્ય સંઘયણવાળા અન્ય દેવલોકમાં જાય છે. છેવટ્ટા સંઘયણવાળા સાધક પ્રથમ ચાર દેવલોક સુધી જાય છે.

કિલીકા સંઘયણવાળા સાધક પાંચમા - છટ્ઠા દેવલોક સુધી જાય છે. (પરંતુ આ ત્રણ સંઘયણવાળા સાધક ઉપશમશ્રેણી ઉપર આરૂઢ થઇ શકતા નથી) નારાચ સંઘયણવાળા નવમા-દસમા દેવલોક સુધી જાય છે. ઋષભ નારાચ સંઘયણવાળા અગિયારમા -બારમા દેવલોક સુધી જાય છે. પ્રથમ વજઋભ નારાચ સંઘયણવાળા મોક્ષ સુધી જાય છે.

સર્વાર્થ સિદ્ધ વાળાઓને **લવસત્તમિયા** કહે છે.કારણ કે જો એમનું આયુષ્ય સાતલવ અધિક હોત તો તે મોક્ષે ચાલ્યા જાત.

અહીં કોઇ શંકાકરે કે સાતલવ આયુષ્ય અધિક હોય તો મોક્ષમાં કેમ જાય ? એનો જવાબ આપતાં જણાવે છે કે સાતલવ આયુષ્ય અધિક હોય તો ઉપશમશ્રેણીવાળો જીવ અગિયારમાં ગુણસ્થાને જાય ત્યાંથી પડીને સાતમે ગુણસ્થાને જાય ત્યાં ક્ષપકશ્રેણી કરીને અંતકૃત કેવલિ થઇને મોક્ષે જાત.

## ઉપશમશ્રેણીવાળા સાધુ આઠમા –નવમા ગુણસ્થાને શું કરે ?

ઉપશમશ્રેણીએ આરૂઢ થયેલા સાધુમહાત્મા કેવી રીતે કર્મપ્રકૃતિઓ ઉપશમાવે છે તે જણાવે છે-

**अपूर्वादिद्वयकैक गुणेषु शमक: क्रमात् ।**
**करोति विंशते: शातिं, लोभाणुत्वंचतत्समम् ।। ४२ ।।**

અપૂર્વ કરણ તથા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં સંજ્વલન લોભને છોડીને મોહનીયની ૨૦ પ્રકૃતિઓને ઉપશમ શ્રેણીવાળો સાધુ ઉપશમાવે છે. પછી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનમાં સંજ્વલન લોભને સૂક્ષ્મ કરે છે. ઉપશાન્ત મોહ ગુણસ્થાનમાં સૂક્ષ્મ લોભને સંપૂર્ણ ઉપશમાવે છે.

આ ઉપશાંત મોહ ગુણસ્થાને એક પ્રકૃતિનો બંધ છે... ૫૯. પ્રકૃતિઓનો ઉદય હોય છે....૫૬. પ્રકૃતિઓની ઉદીરણા હોય છે તથા ૧૪૮ની સત્તા હોય છે.

## ઉપશાન્ત મોહ ગુણસ્થાને સમ્યક્ ચારિત્ર

ઉપશાન્ત મોહ ગુણસ્થાને કેવા પ્રકારનું દર્શન અને ચારિત્ર છે તે જણાવતાં કહે છે-

**शान्तद्दग्वृत्त मोहत्वादत्रौपशमिकाभिधे ।**
**स्यात सम्यकत्व चारित्रे भावश्यो पशमात्मक: ।। ४३ ।।**

ઉપશાંત મોહ ગુણસ્થાનમાં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયને ઉપશમાવવાથી ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર હોય છે. ઉપશમભાવ હોવાથી છે. પરંતુ ક્ષાયિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અથવા ચારિત્ર નથી.

## ઉપશાન્ત મોહનીય ચ્યવન

પાણીમાં માટિ વગેરેની મલીનતા હોય એને સ્થિર રાખવામાં આવે તો માટિ નીચે બેસી જાય. માટિ પાણીમાં છે તે પાણી સ્થિર હોવાથી ઉપરનું પાણી ચોક્ખું દેખાય છે. પરંતુ નિમિત્ત મળે તો ફરી પાણી ડોહળું-મલીન બની જાય છે. એવી જ હાલત હોય છે ઉપશાન્ત મોહવાળાની. મોહ છે મોહ ગયો નથી. નિમિત્ત મળે ને મોહ ઉછળે. આ વાત જણાવે છે.-

**वृत्ति मोहोदयं प्राप्यो पशमीच्यवते ततः ।**
**अधःकृत मलन्तोयं पुनर्मालिन्यमश्नुते ।। ४४ ।।**

ઉપશમ સમ્યક્ત્વવાળા સાધક ચારિત્ર મોહનીયના ઉદયને પામીને ઉપશાન્ત મોહથી નીચે પડે છે. મોહ જનિત પ્રમાદ કલુષિતતાને પ્રાપ્ત કરાવે છે. એમ કહેવાય છે કે શ્રુતકેવલી, આહારક લબ્ધિવાળા તથા મનઃપર્યવજ્ઞાની જો ઉપશમી હોય તો પ્રમાદથી ચારે ગતિમાં ફરે છે.

## ઉપશમની ગુણસ્થાનમાં ચડ-ઉતર

**अपूर्वाद्यास्त्रयोप्यूर्द्ध मेकं यान्तिशमोद्यताः ।**
**चत्वारोऽ पिच्युतावाद्यं सप्तमंवान्त्यदेहिनः ।। ४५ ।।**

ઉપશમ શ્રેણિવાળો સાધક અપૂર્વાદિક ત્રણ ગુણસ્થાનમાંથી એક એક ગુણસ્થાનમાં જાય છે. જેવી રીતે અપૂર્વ ગુણસ્થાનમાંથી અનિવૃત્તિ બાદરમાં... અનિવૃત્તિબાદરથી સૂક્ષ્મ સંપરાયમાં અને સૂક્ષ્મ સંપરાયથી ઉપશાન્ત મોહ ગુણસ્થાનમાં.

ઉપશાન્તાદિક ચાર ગુણસ્થાનથી ચ્યવીને મિથ્યાત્વ ગુણસ્થાને જાય છે. પરંતુ જે ચરમ શરીરી છે તે તો સાતમા ગુણસ્થાને જઇ ક્ષપક શ્રેણી કરે છે. પરંતુ જેણે એક ભવમાં એક જ વખત ઉપશમ શ્રેણી કરી હોય તે ક્ષપક શ્રેણી કરી શકે છે. પરંતુ જેણે એક ભવમાં બે વખત ઉપશમશ્રેણી કરી હોય તે જીવ ક્ષપકશ્રેણી નથી કરતો.

ઉપશમશ્રેણીની સંખ્યા જણાવે છે.

ઉપશમ શ્રેણી જીવ કેટલી વખત કરી શકે ? આવી શંકાનું સમાધાન કરતાં જણાવે છે કે-

**आ संसारं चतुर्वारं मेवस्याच्छमनावली ।**
**जीवस्यैकभवेवार द्वयंसायदिजायते ।। ४६ ।।**

જીવને આ અનાદિ સાન્ત સંસારમાં પરિભ્રમણ કરતાં છતાં જો ઉપશમશ્રેણી હોય તો વધુમાં વધુ ચાર વખત હોય છે. આ ઉપશમશ્રેણી એક જીવને એક ભવમાં જો ઉત્કૃષ્ટથી હોય તો બે વાર હોય છે.

ક્ષપકશ્રેણી તો ભવમાં એક જ વાર હોય છે.

# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

## ૯ શ્રી આર્યરક્ષિતસૂરિ

આબુ પાસેનું દંત્તાણી શહેર...

મંત્રી દ્રોણ... પત્ની દેદી...

એકદા વડગચ્છ પટ્ટધર આચાર્ય જયસિંહસૂરિ પધાર્યા...

સંઘ અગ્રણી હોવા છતાં દ્રોણ-દેદી સામૈયામાં ન આવ્યા... સૂરિજીના મનમાં ઠેસ લાગી... આવું કેમ બન્યું ?... વિચાર કરતાં કરતાં નિદ્રાધીન બન્યા... રાત્રીએ શાસનદેવીએ સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે દેદીના ઉદરમાં જ્યોતિર્ધર આચાર્યનો જન્મ થશે... તમારે તેને મેળવી લેવો... એનાથી જિનશાસનનો ઉદ્યોત થશે...

બીજે દિવસે સૂરિજીએ દ્રોણ-દેદી દંપતિને બોલાવ્યા અને સામૈયામાં અનુપસ્થિતીનું કારણ પૂછ્યું. આ સમયે દેદી શ્રાવિકાએ કહ્યું- '' સુખપાલમાં વિચરવું એ શું ત્યાગી સાધુનું કર્તવ્ય છે ?''

દેદી શ્રાવિકાના પ્રશ્નથી વિચલીત થયા વિના ગંભીરભાવે બોલ્યા - '' ભદ્રે ! તમારો ઉપાલંભ યોગ્ય છે... પંચમ કાળના પ્રભાવથી અમારી આવી સ્થિતી થયેલી છે.'' આ સાથે જ શાસનદેવીના સ્વપ્નની વાત જણાવી આવનાર સંતાનની યાચના કરી.

દેદી શ્રાવિકા અત્યંત હર્ષિત થઇ ''મારા પુત્રના હાથે જિન શાસનની પ્રભાવના થવાની હશે તો મારો આટલો ત્યાગ હું સાર્થક સમજીશ.'' એવી વાત જણાવી. પુત્રને વહોરાવવાની વાતને સ્વીકૃતિ આપી.

શાસન દેવીના સ્વપ્નાનુસાર દેદીને ગર્ભ રહ્યો એ રાતે દેદીએ સ્વપ્નમાં ગાયના દુધનું પાન કર્યું... શુભ શકુનથી જન્મેલા બાળકનું નામ ગોદુહકુમાર રાખવામાં આવ્યું.... બાળક તેજસ્વી -ચકોર અને હોશિયાર હતો. માતા પાસેથી જ્ઞાન અને સંસ્કાર પામતો બાળક પાંચ વરસનો થયો...

આ સમયે ફરિ સૂરિવરનું આગમન થયું... માતાપિતા સાથે વંદન કરવા ગયેલ બાળક દૈવી સંકેતાનુસાર દોડીને ગુરુના આસન ઉપર બેસી ગયો, બાળકની આવી પ્રવૃત્તિથી બધાજ આશ્ચર્યચકીત થયા. આ બાળક આગળ જઇને જિનશાસનમાં ભુલાયેલા ત્યાગ-વૈરાગ્યના ધર્મનો ઉદ્યોત કરશે... જૈન ધર્મમાં પ્રવેશેલા શિથીલાચારને દૂર કરીને સાચા પંથની પુનઃસ્થાપના કરશે એ વિચારોથી અત્યંત પ્રોત્સાહીત બનેલા માતા-પિતાએ બાળકને ભાવભીની વિદાય આપી.

વિ.સં. ૧૧૪૨ માં ગુરુએ દીક્ષા આપી એનું નામ વિજય સ્થાપ્યું. ગુરુનિશ્રામાં રહીને વિદ્યાભ્યાસનો પ્રારંભ કર્યો... જ્ઞાનમાં આગળ વધતાં એમણે આગમ અભ્યાસનો પ્રારંભ કર્યો... દશવૈકાલિક સૂત્રનો અભ્યાસ કરતાં અનેક પ્રશ્નો મનમાં ઉપસ્થિત થયા. અંતે શિષ્યે ગુરુને પૂછી જ લીધું- '' આગમો જો. મુનિને ઉકાળેલું પાણી જ વાપરવાનો સ્પષ્ટ આદેશ આપે છે તો પછી આપણી પોશાળમાં કાચા પાણીના ઘડા ભરીને રાખીએ છીએ તેનું ઔચિત્ય શું ?''

શિષ્યનો પ્રશ્ન સાંભળી ગુરુ ચમક્યા પરંતુ શિષ્યના મનનું સમાધાન કરવું પણ આવશ્યક હતું એટલે કહ્યું- ''ઘણાં વર્ષો પૂર્વે લખાયેલા આ સૂત્રોનું પાલન આ સમયમાં ઘણું દુષ્કર છે.''

શિષ્યે તરત પ્રશ્ન કર્યો- '' જો શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે આચરણ કરીએ તો લાભ થાય કે ગેરલાભ થાય ?

'' અલબત્ત લાભ જ થાય'' ગુરુએ કહ્યું.

શિષ્યે નમ્રતાથી કહ્યું - ''જો આપશ્રી આજ્ઞા આપો તો આગમ અનુસાર સાધુ જીવન જીવીને તેનો જ સર્વત્ર પ્રચાર કરું ?''

ગુરુની સમક્ષ વર્ષો પહેલાનો પ્રસંગ સ્મૃતિપટ પર દેખાવા લાગ્યો. શાસનદેવીનો સંકેત અને એજ ઉદ્દેશથી માતા-પિતાએ બાળકનું ગુરુચરણે કરેલું સમર્પણ.

ગુરુએ અંતરના આશીર્વાદ આપી... પાંચ શિષ્યો સાથે આપી... ઉપાધ્યાય પદે આરૂઢ કરીને શિષ્યને વસમી વિદાય આપી.

અનેક વિઘ્નો અને વિપત્તિઓની વચ્ચે પણ ઉપાધ્યાય વિજયચંદ્ર અડગ રહ્યા. સુખ શીલતા કે સત્તા એમને ચલાયમાન ન કરી શકી. તેઓ તો આગમપ્રણીત સમાચારીના સમર્થ પરિશોધક અને પથદર્શક હતા. જૈન શાસનને શિથિલાચારની નાગચૂડમાંથી બચાવવા તેઓ મથી રહ્યા હતા. ન શુદ્ધ આહાર મળે ન શુદ્ધ ક્રિયામાં સાથ મળે... આવી પરિસ્થિતિમાં ઉપાધ્યાયજી પાવાગઢપધાર્યા... વીરપ્રભુના દર્શન કરી માસક્ષમણની તપ સાધના આદરી.

શાસન દેવી ચક્રેશ્વરી માતાજીએ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતાં શ્રી સીમંધરસ્વામીને પૂછ્યું- ''ભગવાન્! આ કાળમાં ભરતક્ષેત્રમાં આગમોક્ત માર્ગની પ્રરૂપણા કરનાર કોઇ મુનિ છે કે નહિ ?'

જવાબમાં ભગવાને કહ્યું- '' હે શાસનદેવી ! ભરતક્ષેત્રમાં આ કાળે પણ આગમોક્ત સમાચારીના પાલક શ્રી ઉપાધ્યાય વિજયચંદ્રજી વિદ્યમાન છે.'' સાથે સાથે શ્રી સીમંધરસ્વામી એમના ચારિત્રની ભૂરિ-ભૂરિ પ્રસંશા કરે છે.''

પ્રભુ મુખેથી પ્રસંશા સાંભળી ચક્રેશ્વરી દેવી સ્વયં એમના દર્શન કરવા પાવાગઢ પધારે છે. વંદન કરી ગુરુદેવને જણાવે છે- ''હે ગુરુવર ! તમે અનશન કરશો નહીં તમારા હાથે શાસનનો ઘણોજ ઉદ્યોત થવાનો છે તથા શાસનના ઘણાજ કાર્યો થવાના છે. ભાલેજ નગરથી યશોધન ભણશાલી શ્રાવક વીરપ્રભુના

દર્શનાર્થે સંઘસહિત પધારશે. એના દ્વારાજ તમારું પારણું થશે તેની સાથે ભાલેજ જવાથી શાસનની પ્રભાવના થશે.

બીજા દિવસે યશોધન સંઘ સહિત ત્યાં આવ્યો એના દ્વારાજ ગુરુનું પારણું થયું. ગુરુનો ઉપદેશ સાંભળી તે ઘણોજ પ્રભાવિત થયો અને એણે સ્વયંમજ ગુરુદેવને વિધિપક્ષ સ્થાપવા આગ્રહ કર્યો...

યશોધન શ્રાવકના આગ્રહથી ગુરુદેવ સંઘ સહિત ભાલેજ પધાર્યા. અહીં તેમના ગુરુને બહુમાન પૂર્વક તેડાવીને તેમને સં. ૧૧૬૯માં મહા મહોત્સવ પૂર્વક આચાર્ય પદવી આપી.. તથા તેમનું આર્યરક્ષિતસૂરિ એવું નામ રાખવામાં આવ્યું. એજ વર્ષે એમના ઉપદેશથી યશોધન શ્રાવકે ભાલેજમાં શ્રી ઋષભદેવનો ભવ્ય જિનપ્રાસાદ બનાવ્યો અને તેની પ્રતિષ્ઠા કરાવી. આ અવસરે વિ.સં. ૧૧૬૯મા વિધિપક્ષ ગચ્છની પ્રગટ રૂપે સ્થાપના થઇ.

માનવમહેરામણના જયઘોષ સાથે આ રીતે વિ. સં. ૧૧૬૯માં વિધિપક્ષગચ્છની પ્રકટરૂપે સ્થાપના થઇ. આર્યરક્ષિતસૂરિ આ ગચ્છના પ્રણેતા અને પ્રવર્ત્તક બન્યા. ચૈત્યવાસના અંધકારને દૂર કરનાર પ્રદીપ તરીકે આ અભિનવ ગચ્છ લોકહૈયામાં અપૂર્વ આદર પામ્યો. તેના ઉદયથી પૂર્ણિમાગચ્છના પ્રમુખ આચાર્યો, જેમાં શીલગુણસૂરિ દેવભદ્રસૂરિ વગેરે મુખ્ય છે, તેઓ પોતાના શિષ્યો સહિત તેમાં સ્વેચ્છાએ જોડાયા. તેમને આ ગચ્છ પૂર્ણિમાગચ્છની સંશોધિત આવૃત્તિ જેવો લાગ્યો. શંખેશ્વરગચ્છ, નાણાવાલગચ્છ, ભિન્નમાલગચ્છ, વલ્લભીગચ્છ ઇત્યાદિએ પણ તેની સામાચારીનો સ્વીકાર કર્યો... પૂર્ણિમાગચ્છ, સાર્ધપૂર્ણિમાગચ્છ અને આગમગચ્છે વિધિપક્ષગચ્છની કેટલીક મહત્વપૂર્ણ સામાચારીને પોતાની સ્વીકૃતિ આપી. આ રીતે આગમ-પ્રણીત સિદ્ધાંતોને જીવનમાં પરિણિત કરવાના માધ્યમ તરીકે વિધિપક્ષગચ્છે સર્વત્ર લોક-ચાહના પ્રાપ્ત કરી અને અનેક તેમાં હોંશે હોંશે જોડાયા.

ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહે આ ગચ્છને અચલગચ્છ તરીકે ઓળખાવ્યો હતો તે સંબંધમાં પ્રાચીન પટ્ટાવલીકારો એક રસપ્રદ આખ્યાયિકા વર્ણવે છે. : રાજાને સંતાન ન હોવાથી તેણે વિદ્વાનોના સૂચનથી પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો આવો યજ્ઞ જીવનમાં માત્ર એક જ વખત થઇ શકે. અહીં બન્યું એવું કે રાત્રે યજ્ઞમંડપમાં પ્રવેશેલી ગાયને ત્યાં લાકડાના ઢગલામાં છૂપાયેલા સર્પે દંશ દીધો અને ગાયનું ત્યાં મૃત્યુ થયું. બીજે દિવસે પંડિતો આ દશ્ય જોઇને દ્વિધામાં પડી ગયા. હવે શું થાય ? આ વિઘ્ન દૂર થાય તો જ યજ્ઞ વિધિ આગળ ચાલી શકે. સૌ ચિંતાગ્રસ્ત હતા. કોઇકે સૂચન કર્યું... કે અહીં બિરાજતા આર્યરક્ષિતસૂરિ ચમત્કારિક પુરુષ છે. તેઓ કદાચ મદદરૂપ થઇ શકશે. રાજાએ સૂરિને આ વિશે પ્રાર્થના કરી. સૂરિએ રાજાને યજ્ઞનું વિઘ્ન દૂર કરવાનું વચન આપ્યું. કહેવાય છે કે તેમણે પરકાય પ્રવેશિની-વિદ્યાના પ્રભાવથી મૃત ગાયને યજ્ઞમંડપમાંથી જીવતી બહાર કાઢી. સૂરિ પોતાના વચનમાં અચલ રહ્યા હોવાથી સિદ્ધરાજે તેમના સમુદાયને અચલગચ્છ તરીકે સંબોધ્યો.

રાજર્ષિ કુમારપાલે તેને અંચલગચ્છ તરીકે ઓળખાવ્યો એ વિશે પટ્ટાવલીકારો આ વૃત્તાંત આપે છે

: એક વખતે કુમારપાલની સભામાં હેમચંદ્રાચાર્ય, આર્યરક્ષિતસૂરિ વગેરે ધર્મચર્ચા કરતા હતા. એ વખતે મંત્રી કપર્દિ, જે ચરિત્રનાયકો પરમ ભક્ત હતો, તેણે ઉત્તરાસંગના છેડાથી ભૂમિનું પ્રમાર્જન કરીને વસ્ત્રાંચલથી વંદના કરી. વંદન કરવાની આવી પ્રણાલિકાથી કુમારપાલને આશ્ચર્ય થયું. આથી તેણે હેમચંદ્રાચાર્યને તે વિશે પૂછ્યું કે આવો વિધિશું શાસ્ત્રોક્ત છે ? કલિકાલ સર્વજ્ઞે તેને શાસ્ત્રોક્ત વિધિ તરીકે ઓળખાવતાં રાજાએ વિધિપક્ષને અંચલગચ્છ એવું સૂચક નામ આપ્યું.

ઉપર્યુક્ત બન્ને પ્રસંગો દ્વારા સિદ્ધરાજ અને કુમારપાલ સાથેના આર્યરક્ષિતસૂરિના સંપર્કનું સૂચન પણ મળે જ છે. સિદ્ધરાજ જૈન ધર્મ પ્રત્યે સવિશેષ આકર્ષાયો હતો એ તો સુવિદિત છે. કુમારપાલે તો જૈન ધર્મનો સ્વીકાર પણ કરેલો. પરમાર્હત્ તરીકે તેણે ઇતિહાસમાં અપૂર્વ કીર્તિ મેળવી છે. તેમના સમકાલીન તરીકે આર્યરક્ષિતસૂરિ તેમના સમાગમમાં આવે એમાં કશું નવું નથી.

આર્યરક્ષિતસૂરિના ઉપદેશનો પ્રભાવ કેટલો હૃદયસ્પર્શી હતો તેનું સૂચન કરતો એકાદ પ્રસંગ નોંધીએ. મંત્રી કપર્દિના આગ્રહથી તેઓ બેપણ પધારેલા. તેમનો સર્વત્યાગનો મંગલયમ અને મહામૂલો સંદેશ સાંભળીને કપર્દિની પુત્રી સોમાઇ, જે કોટિ દ્રવ્યનાં આભૂષણ ધારણ કરતી હતી, તેણે પોતાની પચીશ સખીઓ સહિત પ્રવજ્યા અંગીકાર કરવાનો નિશ્ચય જાહેર કર્યો !સૂરિના અદ્‌ભૂત ઉપદેશનું જ એ પરિણામ હતું. સોમાઇનું દીક્ષાપર્યાયનું નામ સમયશ્રી, તેમણે પાછળથી મહત્તરા સાધ્વી તરીકે ઉચ્ચ સ્થાન દીપાવ્યું. સમયશ્રી અંચલગચ્છના સૌ પ્રથમ મહત્તરા સાધ્વી તરીકે ઉજ્જ્વળ કીર્તિ પામ્યાં.

તપસ્વીઓનાં પગલાંનો પ્રભાવ પણ ઓર હોય છે. એક વખત સિંધના પારકર પ્રદેશમાં ઉગ્ર વિહાર કરતા આચાર્ય સુરપાટણ નગરમાં પધાર્યા. તે વખતે ત્યાં મરકીનો ઉપદ્રવ ફેલાયો હતો. પ્રતિદિન અનેક લોકો મૃત્યુનાં મુખમાં હોમાતા હતા. આચાર્યના આગમનનાં સમાચાર મળતાં રાજા મહીપાલ અને તેનો મંત્રી ધરણ ઉપાશ્રયમાં આવીને તેમને ઉપદ્રવ શમાવવા પ્રાર્થના કરી. કહેવાય છે કે ગુરુના ચરણોદકના છંટકાવથી મરકીનો રોગ ત્યાંથી અદશ્ય થઇ ગયો. આથી રાજાએ પ્રસન્ન થઇને ગુરુને કિંમતી ભેટણું ધર્યું. નિઃસ્પૃહી ગુરુએ તેનો અસ્વીકાર કર્યો. એમના ત્યાગથી રાજા વિશેષ પ્રભાવિત થયો. તેણે તે ધનથી ત્યાં શ્રી શાંતિનાથપ્રભુનું જિનાલય બંધાવીને તેની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગ વિ. સં. ૧૧૭૨ માં બન્યો. જૈન ધર્મનો મહિમા ત્યાં ઘણો ગવાયો.

સૂરિના ઉપદેશથી મહીપાલ રાજાએ પોતાના કુંવર ધર્મદાસ સહિત જૈન ધર્મનો સ્વીકાર કર્યો. મંત્રી ધરણ, જે જૈન હતો, તેણે પોતાની પુત્રીને રાજકુમાર સાથે પરણાવી. તેમના વંશજો ઓશવાળ જ્ઞાતિમાં ભળીને મીઠડિયા ગોત્રથી પ્રસિદ્ધ થયા. ધર્મદાસને ચંદેરીનું રાજ્ય મળ્યું હતું અને તે પૃથ્વીરાજ ચૌહાણનો ઘણો જ માનીતો હતો. તેના મુખેથી પ્રશંસા સાંભળીને પૃથ્વીરાજે આર્યરક્ષિતસૂરિને દિલ્હી તેડાવીને તેમનું સન્માન કરેલું. એ વખતે પૃથ્વીરાજ જૈનધર્મ પ્રત્યે ઘણો આકર્ષાયો હતો.

વિ. સં. ૧૨૧૦વ માં સૂરિ વિહરતાં ભિન્નમાલ પાસેના રત્નપુરનગરમાં પધાર્યા. ત્યાંના રાજા

હમીરજીનો પાટવી કુંવર જેસંગ રાજમહેલમાંથી એકાએક લાપત્તા થતાં આખું નગર તેની ખોજમાં વ્યસ્ત હતું. બધા જ પ્રયાસો નિષ્ફળ ગયા. સૂરિને સિદ્ધપુરુષ જાણીને રાજાએ તેમને પગે પડીને રાજકુમારને શોધી આપવા આજીજીપૂર્વક વિનંતી કરી. સૂરિના સંકેતથી રાજાને તેનો કુંવર મળ્યો. આથી રાજા હમીરજી પરિવાર સહિત જૈનધર્માનુરાગી થયો. તેના વંશજો ઓશવાળ જ્ઞાતિમાં ભળીને સહસગુણા ગાંધી એવી ઓળખથી પ્રસિદ્ધ થયા. જેસંગકુમારે ગુરુના ઉપદેશથી શત્રુંજયનો તીર્થસંઘ કાઢ્યો, ધર્મકાર્યોમાં અઢળક ધન ખરચીને તેણે લક્ષ્મીને કૃતાર્થ કરી.

ખંભાતના ધનાઢ્ય આરબ વેપારી સીદિક પણ સૂરિના અનેક અગ્રેસર ભક્તોમાંથી એક હતો. પાટણના શાલવીઓ આર્યરક્ષિતસૂરિનો ઉપદેશ સાંભળીને તેમના અનન્ય ભક્તો થયેલા પહેલાં તેઓ દિગંબર સંપ્રદાયના હતા. જૈનો અને જૈનેતરોના આવા તો અનેક પ્રસંગો છે, જે દ્વારા આર્યરક્ષિતસૂરિના અલૌકિક પ્રભાવનું સૂચન મળે છે.

આ ગચ્છ પ્રત્યે લોકહૈયામાં અહોભાવ પ્રગટ્યો અનેક ગચ્છો અને આચાર્યોએ આ સમાચારીનો સ્વીકાર કર્યો.

ઠેર ઠેર આચાર્ય ભગવંતનો વિહાર થયો. અનેક રાજા-મહારાજા પ્રભાવિત થયા.... અનેક શ્રેષ્ઠિઓએ જિનધર્મ અંગીકાર કર્યો.... આચાર્ય ભગવંત અનેકોના તારક બન્યા.

વિ.સં. ૧૨૩૬માં ૧૦૦ વરસનું આયુષ્ય પૂર્ણ કરીને આર્યરક્ષિતસૂરિ બેણપમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પોતાની પાછળ ૧૨ આચાર્ય સહિત ૩૫૧૭ સાધુ-સાધ્વીજી ભગવંતોનો પરિવાર મુક્તા ગયા.



# કલિકાલ સર્વજ્ઞ

# ૧૦ શ્રી હેમચંદ્રાચાર્ય

ગુજરાત રાજ્યની ધંધુકા નગરી....

ત્યાં વસતા હતા ધાર્મિક શ્રેષ્ઠી ચાચિંગ અને શ્રાવિકા પાહિની...

પાહિનીની કુક્ષીમા ગર્ભ રહ્યો ત્યારે માતાએ સ્વપ્નમાં જોયું કે કોઇ દિવ્ય શક્તિએ પોતાના બે સ્રી હાથોથી તેને ચિંતામણીરત્ન આપ્યું અને તેણે તે રત્ન આચાર્ય દેવચન્દ્રસૂરિને સપ્રેમ ભેટ આપ્યું.

વિ. સં. ૧૧૪૫ના કાર્તિક સુદ પુર્ણિમાના દિવસે બાળકનો જન્મ થયો...

ફઇબાએ નામ રાખ્યું ચંગદેવ.

એકદા જિનાલયમાં દર્શનાર્થે પધારેલા આચાર્ય દેવચંદ્રસૂરિના બિછાવેલા આસન ઉપર બાળ ચંગદેવ આવી બેસી ગયો. આચાર્ય ભગવંત હસી પડ્યા. બાળક પણ હસવા લાગ્યો. આચાર્ય ભગવંતે બાળકમાં ભાવિ મહા શાસન પ્રભાવક આચાર્યના દર્શન થયા. એમણે બાળકના માતા-પિતાને જન્મ પહેલાના સ્વપ્નની સ્મૃતિ કરાવી પ્રેરણા આપી. માતા-પિતાએ ચંગદેવને ભાવભીની વિદાય આપી. એ સમયના ગુજરાતના મહામંત્રી ઉદયનની વ્યવહાર કુશળતાથી ખંભાત નગરે આચાર્ય ભગવંતના હસ્તે મહાસુદ ૧૪ ના ચંગદેવની દીક્ષા થઇ. હવે ચંગદેવ બન્યા મુનિ સોમચંદ્ર.

સંયમ જીવન પામી... અપ્રમત્તબની આરાધના કરવા લાગ્યા. ચૌદપૂર્વી મહાત્માઓના જીવન ચરિત્ર વાંચી-સાંભળી એવા જ્ઞાની બનવાના ભાવ જાગ્યા. એ માટે એમણે કાશ્મીર જઇ શ્રુતદેવીની સાધનાનો સંકલ્પ કર્યો... ગુરુ ભગવંત પાસે આજ્ઞા માંગી... ગુરુદેવે એક સંઘાટક સહાયક મુનિ સાથે આપી અનુજ્ઞા આપી. ખંભાતથી પ્રથમ વિહારમાં જ ઉજ્જ્યન્તાવતાર નામના જિનાલયમાં પ્રભુ નેમિનાથજી ભગવંતની પ્રતિમા સામે રાતના અખંડ છ કલાકના સરસ્વતીના ધ્યાન માત્રથી દેવી પ્રસન્ન થઇ ગયા. સિદ્ધ સારસ્વત થવાનું વરદાન આપ્યું અને રાજા-મહારાજા ને પ્રતિબોધવાની શક્તિ અર્પણ કરી... જીવનમાં શાસ્ત્રસર્જનનો પ્રારંભ થયો. એકદા નાગપુરથી વિહાર કરી આચાર્ય દેવ પાટણ પધાર્યા.. પાટણમાં દેવેન્દ્રસૂરિ નામના આચાર્ય દેવ બિરાજતા હતા. તેઓ પણ દેવચંદ્રસૂરીશ્વરજીના જ શિષ્ય રત્ન હતા. દેવેન્દ્રસૂરિ અને સોમચંદ્રમુનિ બન્ને ખાસ મિત્રો હતા. તેઓ સાથે જ્ઞાનચર્ચા કરતા અને એક બીજાના મનની વાતો પણ

કરતા.

એક દિવસ બન્ને મુનિરાજ ઉપાશ્રયમાં જ્ઞાન ચર્ચા કરતા હતા ત્યાં એક પુરુષે આવીને વંદના કરીને ત્યાં બેઠો અને પોતાનો પરિચય આપતાં કહ્યું કે, 'હું પાટણનો જ રહેવાસી છું, પરંતુ ભારતના ઘણા પ્રદેશોમાં ફરેલો છું. મહાત્માઓ મેં તમારા ગુણોની અને જ્ઞાનની પ્રશંસા સાંભળી છે એટલે જ તમારા દર્શન કરવાં અને કંઇક કહેવાનું મન છે.

આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીજીએ કહ્યું, 'શું કહેવું છે તમારે ? સંકોચ રાખ્યા વિના જે કંઇ કહેવું હોય તે કહો.'

'મહારાજ ! તમે બન્ને ગૌડ દેશમાં જાઓ. ત્યાં ઘણા માંત્રિકો અને તાંત્રિકો છે. અનેક દિવ્ય શક્તિઓ ધરાવનારા મહાપુરુષો છે, ત્યાં આપ પધારો અને એ શક્તિઓ મેળવો.'

મુનિરાજોએ એ ઉપર વિચાર કરીને યોગ્ય કરવા કહ્યું.

પેલો પુરુષ ચાલ્યો ગયો. બન્ને મુનિઓએ એકબીજા સામે જોયું અને આ માણસની વાત તો ગમી. જો ગુરુદેવ રજા આપે તો બન્ને જણ ગૌડ દેશમાં જઇએ એમ નક્કી કર્યું.

બન્ને જણે ગુરુદેવ પાસે જઇ ગૌડ દેશ જવાની આજ્ઞા માગી. ગુરુદેવ આશીર્વાદ સાથે અનુમતિ આપી.

બન્નેએ વિહાર શરૂ કર્યો. એક સંધ્યાએ ખેરાળુ નામના ગામમાં બન્ને આવી પહોંચ્યા. રાત્રી પસાર કરવા ઉપાશ્રયમાં રોકાયા.

ત્યાં એક વૃદ્ધ સાધુ આવી પહોંચ્યા. પડછંદ કાયા, સુંદર રૂપ અને આંખોમાં અપૂર્વ તેજ... આવતાં જ તેમણે પૂછ્યું, મહાત્માઓ ! હું અહીં રાત્રીવાસ રહી શકીશ ?

બન્નેએ કહ્યું : પધારો મહાત્મા, ઘણી ખુશીથી આપ અમારી સાથે રાતવાસો કરો અમને આનંદ થશે.

આ સાધુપુરુષ તેમને કોઇ મહાન વિદ્યાસિદ્ધ પુરુષ લાગ્યો. બન્નેએ તેમને વંદના કરી કુશળતા પૂછી.

વૃદ્ધ મહાત્માએ તેમને ક્યાં જવા નીકળ્યા છો એમ પૂછ્યું. બન્ને જણાએ જણાવ્યું કે, વિદ્યાપ્રાપ્તિ માટે તેઓ ગૌડ દેશ જવા નીકળ્યા છે.

વૃદ્ધ પુરુષે કહ્યું, વિદ્યાપ્રાપ્તિ માટે એટલે દૂર જવાની જરૂર નથી. હું તમને તમારી મનોવાંછિત વિદ્યાઓ આપીશ. પણ હું ચાલી શક્તો નથી અને મારે ગિરનાર જવું છે, તમો મને ત્યાં પહોંચાડો, હું તમને વિદ્યાઓ આપીશ.

બન્ને સાધુઓએ ગામના આગેવાન પાસે જઇ ડોલી અને ઉપાડનારા માણસોની સગવડ કરી આવ્યા.

વાતો કરતા કરતા બન્ને મિત્રો ક્યારે ઊંઘી ગયા, તેની તેમને ખબર ન પડી. બ્રહ્મ મુહૂર્તમાં જ્યારે તેઓ જાગ્યા, શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરી આંખો ખોલી તો... તેમના આશ્ચર્ય વચ્ચે તેઓ પહાડો વચ્ચે હતા તેમ જણાયું. ખેરાળુથી અહીં કેવી રીતે આવ્યા ? આ તો ગિરનાર લાગે છે. કોઇ વિદ્યાશક્તિએ આપણને અહીં લાવીને મૂકી દીધા છે.

બંને મુનિ ઊભા થયા. એક ઘટાદાર વૃક્ષ નીચે ઊભા રહ્યા. હજુ સૂર્યોદય થયો ન હતો. તેમણે તેમની પાસે અચાનક તેજનું વર્તુલ જોયું. તીવ્ર પ્રકાશ રેલાઇ રહ્યો, બન્ને માટે આ વળી નવું આશ્ચર્ય હતું.

એક તેજસ્વી દેહપ્રભાવવાળી દેવી પ્રગટ થઇ, એ બે મહાત્માઓની પાસે આવી. એના મુખ પર આછું સ્મિત હતું. તે બોલી :

'હું શાસન દેવી છું. તમારા ઉત્કૃષ્ટ ભાગ્યથી આકર્ષાઇ અહીં આવી છું.'

પણ અમને ખેરાળુથી અહીં કોણ લઇ આવ્યું ? સોમચંદ્રમુનિએ પૂછ્યું.

'હું જ લઇ આવી છું તમને.' દેવી બોલી.

'અને અમારી સાથે રાતવાસો કરી રહેલા વૃદ્ધ મહાત્મા કયાં ગયા ?'

'એ હું જ હતી, તમારી વિદ્યાઓ માટેની તીવ્ર અભિલાષા જાણીને, એ રૂપે હું તમને મળી હતી. હું તમને અહીં ગિરનાર મહાતીર્થમાં લઇ આવી છું. આ તીર્થના અધિપતિ છે ભગવાન નેમનાથ.

'મહાત્માઓ ! આ પહાડ અદ્‌ભૂત છે. અહીં અનેક દિવ્ય ઔષધિઓ છે. અહીં કરેલી મંત્રસાધના જલદી સિદ્ધ થાય છે. હું તમને કેટલીક દિવ્ય ઔષધિઓ બતાવીશ અને સાંભળતાં જ સિદ્ધ થઇ જાય તેવા બે મંત્ર આપીશ.'

એક મંત્રથી દેવોને બોલાવી શકાશે અને બીજા એક મંત્રથી રાજા-મહારાજા વશ થશે. તમને આ બે મંત્રો હું આપું છું, તમે એકાગ્રચિત્તે એ સાંભળો.

શાસનદેવીએ આ બે મંત્રો સંભળાવ્યા. સંભળાવીને કહ્યું. ''ચાલો, તમને કેટલીક દિવ્ય ઔષધિઓ બતાવું તમે તે વીણી લેજો. તે ઔષધિઓ તે તે રોગ ઉપર તત્કાલ અસર કરનારી છે.

હજુ સૂર્યોદય થયો ન હતો. બન્ને મહાત્માઓએ કેટલીક ઔષધિઓ ભેગી કરી લીધી.

દેવીએ કહ્યું, '' તમને જે બે મંત્રો સંભળાવીને આપ્યા છે તે ભુલાઇ ન જાય તે માટે તમે આ અમૃત પી જાઓ.''

દેવીએ અમૃતથી ભરેલું કમંડલ તેમની આગળ ધર્યું.

દેવેન્દ્રસૂરીએ પીવા ના કહી, કારણ કે હજુ રાત્રીનો સમય હતો. સોમચંદ્ર સમયજ્ઞ હતા. નિયમ અને અપવાદના જાણકાર હતા. તેઓ તરત જ બધું અમૃત ગટગટાવી ગયા. બંને મંત્રો સોમચંદ્રમુનિની સ્મૃતિમાં જડાઇ ગયા. દેવેન્દ્રસૂરીજી એ બંને મંત્રો ભૂલી ગયા.

શાસનદેવીએ બંને મહાનુભાવોને મંત્રશક્તિથી ઉપાડીને પાટણમાં એમના ગુરુદેવ દેવચંદ્રસૂરીજીની પાસે મૂકી દીધા અને શાસનદેવી અદશ્ય થઇ ગયાં.

સોમચંદ્ર મુનિવરની દષ્ટિથી નાગપુર નિવાસી ધનદ શ્રેષ્ઠિના આંગણમાં દટાયેલા સોનાની લગડીઓ જે એમના પાપોદયે કાળા કોલસા બની ગઇ હતી તે ફરી પાછી સુવર્ણમય બની ગઇ. આવી લબ્ધિના સ્વામિ સોમચંદ્ર મુનિને ગુરુદેવની પ્રેરણાથી પાટણ સંઘે સાવનાના દીક્ષાપર્યાયમાં જ પદવી પ્રદાન કરી.

સમસ્ત ગુજરાતે સસન્માન વાતને વધાવી લીધી.

પાટણના રાજવી સિદ્ધરાજ જયસિંહના આગ્રહથી એકજ વરસમાં ''સિદ્ધહેમ'' વ્યાકરણની રચના કરી. સવા લાખ શ્લોક પ્રમાણ ગ્રંથની હાથીની અંબાડીએ રાખી સ્વાગતયાત્રા નિકળી. ૩૦૦ લહિયાઓને બેસાડી દેશના ખૂણે ખૂણે એની નકલો મોકલવામાં આવી.

સિદ્ધરાજના દ્વેષપાત્ર કુમારપાળને ત્રણ વખત અપમૃત્યુથી બચાવી ગુજરાતના રાજા બનાવ્યા. જેમણે અઢાર દેશમાં અમારી-પડહની ઉદ્‌ઘોષણા કરાવી. રાજા બનેલા કુમારપાળે ગુરુભક્તિથી પાટણમાં ''ત્રિભુવનપાળ ચૈત્ય'' નામનું પ્રથમ જિનાલય બનાવ્યું. પછી બત્રીસ દાંતથી પૂર્વમાં કરેલા માંસ ભક્ષણના પ્રાયશ્ચિત રૂપે ૩૨ જિનાલય બંધાવ્યા.

સુંદર સાહિત્યસર્જન કરી સર્વત્ર જ્ઞાનભંડારો બનાવ્યા. પ્રાયઃ સાડા ત્રણ કરોડ શ્લોકનું સર્જન કર્યું. માતા સાધ્વીજીની પાવન સ્મૃતિમાં એક કરોડ નવકાર મંત્રના જાપનો સંકલ્પ કર્યો હતો. કલિકાલ સર્વજ્ઞ જેવા વિશેષણ ધરાવનાર મહાજ્ઞાની ભગવંતે પણ નવકાર મહામંત્રની અદ્‌ભૂત આરાધના કરી વિશ્વને એના મહત્વનો પરિચય કરાવ્યો હતો. યોગવિદ્યાનો પરિચય કરાવવા એમણે વ્યાખ્યાનની પાટથી અદ્ધર આકાશમાં સ્થિર રહી પ્રવચનો આપ્યા હતા. કુમારપાળ રાજાની શ્રદ્ધાને મજબૂત કરવા સમવસણમાં બિરાજમાન પ્રભુજીના તથા એમના પૂર્વજોના દર્શન કરાવી એમના મુખે જૈન ધર્મની પ્રસંશા કરાવી હતી. કલિકાલ સર્વજ્ઞે નવકારમંત્રમાં 'હોઇ મંગલં' તેમજ ભાદરવા સુદ પાંચમની સવંત્સરીને પોતાની સ્વીકૃતિ આપી હતી.

જ્યારે તેમને લાગ્યું કે મારો અંત સમય નજીક છે ત્યારે તેમણે સંઘને, શિષ્યોને, રાજાને સહુને આમંત્રી તેમને છેલ્લી હિતશિક્ષાઓ આપી, સૌને ખમાવી યોગીન્દ્રની જેમ અનશન વ્રત ધારણ કરી, શ્રી વીતરાગની સ્તુતિ કરતાં દેહ છોડ્યો.

શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ સંવત ૧૧૪૫, દીક્ષા ૧૧૫૬, સૂરીપદ ૧૧૬૬ અને સ્વર્ગવાસ સંવત ૧૨૨૯માં નોંધાયેલ છે. કોટિ કોટિ વંદના હો આવા મહાન સૂરીશ્વરના ચરણોમાં.

# ज्ञान क्रियाभ्यां मोक्षः

દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા મહાવીરસ્વામીને એક સાધકે પ્રશ્ન કર્યો– ''પ્રભો ! મોક્ષનો માર્ગ શું છે?''

મીઠી–મધુર વાણીમાં પરમાત્માએ જવાબ આપતાં કહ્યું. '' સાધક ! મોક્ષના માર્ગ બે નથી એક જ છે અને તે જ્ઞાન અને ક્રિયા દ્વારા પ્રાપ્ત થાય છે.''

સાધક જિજ્ઞાસા પૂર્વક આગળ પ્રશ્ન કરે છે. ''પ્રભો ! ક્રિયા વગર ફક્ત જ્ઞાનથી જ મોક્ષ ન મળી શકે?

પ્રભુએ જવાબ આપતાં જણાવ્યું– હે વત્સ ! કોઇ પણ સ્થાને પહોંચવું હોય તો આંખ અને પગ બન્નેની જરૂર હોય છે. આંખ વિના વ્યક્તિ આડો–અવળો અથડાય છે અને નિશ્ચિત કે ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી. તેવી જ રીતે આંખ હોય પણ પગ ન હોય તો માર્ગને જાણી શકે પણ તે સ્થાને પહોંચી ન શકે. જેમ વ્યવહારમાં આ વાત સાચી છે તેમજ આ નિયમ અધ્યાત્મિક ક્ષેત્રે પણ લાગુ પડે છે જ્ઞાન એ આંખની સ્થાને છે અને ક્રિયા એ પગની સ્થાને છે.

એક વ્યક્તિને મુંબઇથી મદ્રાસ પહોંચવું છે એની પાસે મદ્રાસ સબંધિ, મદ્રાસના માર્ગ સબંધિ તેમજ મદ્રાસ લઇ જનાર ટ્રેન–બસ અને વિમાનાદિનું સંપૂર્ણ જ્ઞાન છે પણ જો તે એ દિશામાં પગલું ન ભરે, એ માટે જરૂરી ક્રિયા ન કરે તો કોઇ કાળે મદ્રાસ ન પહોંચી શકે, તેમજ જીવને મોક્ષ સબંધિ જ્ઞાન હોય પણ ક્રિયા ન હોય તો મોક્ષ ન પામી શકાય.

આજ વાત પ. પૂ. યશોવિજયજી મહારાજ જ્ઞાનસારમાં જણાવે છે.

**क्रियाविरहितं हन्त ! ज्ञानमात्रमनर्थकम् ।**
**गति बिना प्रज्ञोऽपि, नान्पोतिपुरमीप्सितम् ।।**

અરે ! ક્રિયા રહિત એકલું જ્ઞાન મોક્ષરૂપ ફળ સાધવા અસમર્થ છે માર્ગનો જાણનાર પણ ચરણ ક્રિયા વિના (ચાલ્યા વિના) ઇચ્છેલું નગર પામતો નથી.

જેમ ક્રિયા વિના જ્ઞાન નકામું છે. તેમ જ્ઞાન વિનાની ક્રિયા પણ અધુરી છે.કારણ જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી આ જીવ અજ્ઞાનના અંધકારમાં ભટકી પડે છે. સત્ય માર્ગને સમજી શકતો નથી... પામી શકતો નથી. ન્યાયવિશારદ પ. પૂ. યશોવિજયજી મ.સા. જ્ઞાનસારમાં જ્ઞાનાષ્ટકમાં જણાવે છે

**.....त्यज्ञः किलाज्ञाने विष्टायामिव शुंकरः ।**
**ज्ञानी निमज्जातिज्ञाने मराल इव मानसे ।।**

જેમ સૂવર (ભૂંડ) વિષ્ટામાં મગ્ન થાય છે, તેમ ખરેખર અજ્ઞાની અજ્ઞાનમાં મગ્ન છે, જેમ રાજહંસ માનસરોવરમાં મગ્ન રહે છે તેમ જ્ઞાની જ્ઞાનમાં અત્યંત મગ્ન રહે છે.

આ બધી વાતો જણાવે છે કે અજ્ઞાનમાંથી બહાર નિકળવા જ્ઞાનની જરૂર છે અને જ્ઞાનથી જાણેલી અવસ્થાએ પહોંચવા માટે ક્રિયાની આવશ્યકતા છે.

ઝેરને ઝેર જાણ્યા પછી એનો ત્યાગ કરવામાં જ જ્ઞાનની સફળતા છે... ઝેરને ઝેર જાણ્યા પછી પણ જો ત્યાગની ક્રિયા ન થાય તો તેવા જ્ઞાનનો કોઇ અર્થ નથી.

અમૃતને અમૃત જાણ્યા પછી એને પામવા મેળવવા પ્રયત્ન કરવા એજ ક્રિયા, જ્ઞાનને સફળતા તરફ દોરી જાય છે.

પણ વર્તમાન વિશ્વનું નિરીક્ષણ કરવામાં આવે તો આરાધના કરતા જીવો ત્રણ પ્રકારના જણાય છે. કેટલાક કેવળ જ્ઞાનની વાતો કરે છે આચરણમાં કશું જ નથી હોતું. કેટલીક વ્યક્તિઓ ફક્ત જડ ક્રિયાઓજ કરે છે એમની પાસે જ્ઞાનનો અભાવ હોય છે. બહુ જ વિરલ વિભૂતિઓ એવી છે જે જ્ઞાન અને ક્રિયાનો સુંદર સમન્વય કરીને જીવનને ધન્ય બનાવે છે... માનવ જીવનને સફળ બનાવે છે.

અધ્યાત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્ર આજ વાત સમજાવતાં જણાવે છે–

**કોઈ ક્રિયા જડ થઈ રહ્યા. શુષ્કજ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.**
**બાહ્યક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ;**
**જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ.**
**બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ;**
**વર્તે મોહાવેશમાં શુષ્કજ્ઞાની તે આંહિ.**

આજ વાત વિશેષથી સમજાવતાં બોધામૃતમાં શ્રી બ્રહ્મચારીજી જણાવે છે– ''બાહ્ય ક્રિયાને જ્ઞાનીઓ નિષેધતા નથી. તે કરતાં અંતરનો ભાવ વિશેષ છે. પણ તમે ક્રિયા ન કરો એમ ન કહે. શુષ્કજ્ઞાનીઓ ક્રિયાનો નિષેધ કરે છે. જ્ઞાનીની આજ્ઞાથી વિરુદ્ધ વર્તવાનું થાય નહીં એવું કરવાનું છે. ઘણીવાર ચારિત્ર પાળવા છતાં જીવનો મોક્ષ ન થયો તેથી કાંઇ ચારિત્ર ન લેવું એમ કહેવું નથી, પણ એમાં કંઇક રહી જાય છે તે ભૂલ કાઢવા કહ્યું છે. મિથ્યાત્વની ગાંઠ મૂકવા કહેવાનું છે. માત્ર ક્રિયામાં જ રાચી ન રહેવું. એકલી ક્રિયાથી મોક્ષ નથી એમ કહેવું છે. તેથી ક્રિયા ન કરવી એમ કહેવું નથી. પણ એમાં કંઇક રહી જાય છે. તે સમજાવવા માટે જ્ઞાનીઓ કહે છે.''

જગતમાં ભ્રાંતિ કરાવનાર-વધારનાર અસદ્ગુરુ છે. માટે સદ્ગુરુ જીવને ચેતવે છે કે ક્રિયાજડ થઇશ

નહીં, શુષ્કજ્ઞાની થઇશ નહીં. ક્રિયા જડ હોય છે તે માત્ર ક્રિયામાં જ રાચી રહ્યા છે. ક્રિયા શા માટે કરવી છે ? એથી આત્માનું કલ્યાણ થાય છે કે નહીં ? એ વિચાર્યા વિના માત્ર બાહ્ય ક્રિયા કરે અને જ્ઞાનને નિષેધે કે જ્ઞાનનું આપણુ શું કામ છે ? જ્ઞાનનું ફળ વિરતિ છે તે આપણને આવી ગઇ છે. એમ માત્ર ક્રિયામાં જ રાચી રહે તે ક્રિયાજડ છે.

કેટલાક શુષ્કજ્ઞાનીઓ છે તે કહે છે કે આત્મા બંધાયેલો નથી. તેથી તેનો મોક્ષ પણ નથી. આત્માને કંઇ કર્મ બંધાતાં નથી. સિદ્ધ જેવો છે. માટે કંઇ કરવું નહીં. એમ કહે અને વર્તે પાછા મોહમાં તે નરકે પણ જાય. જે ક્રિયાજડ છે તે તો કાંઇક પુણ્ય બાંધે, પણ શુષ્કજ્ઞાની તો પાપ જ બાંધે.

આપણે જાતનું નિરીક્ષણ કરીને ક્રિયાની જડતામાં અથવા શુષ્કજ્ઞાનીમાં આપણો નંબર તો નથી ને ? તે જોવા જાગૃત બની જ્ઞાનીઓએ જ્ઞાન ક્રિયા કોને કહ્યા છે તે જાણવા ઉદ્યમશીલ બનીએ.

અનાદિ કાળથી અજ્ઞાની દશામાં રહેલો આ જીવ કાયા આદિની અશુદ્ધ ક્રિયાની પ્રવૃત્તિથી સંસાર ચક્રના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે. પણ જો જીવ અજ્ઞાન દશાનો નાશ કરી જ્ઞાનને પ્રાપ્ત કરે તો અશુદ્ધ ક્રિયાને બદલે વિશુદ્ધ સત્ક્રિયા દ્વારા આ સંસારનો નાશ કરી શકે છે. આ ચર્તુગતિમય સંસારનો નાશ કરવા માટે સંવર અને નિર્જરાયુક્ત ક્રિયા જ આવશ્યક છે,

જ્ઞાનીઓ જ્યારે જ્યારે **ज्ञानक्रियाभ्यां मोक्ष:** જણાવે છે ત્યારે ત્યારે જ્ઞાનનો અર્થ આત્મસ્વરૂપ સન્મુખ જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગનુંપ્રર્વતન જાણવો. તેમજ ક્રિયા એટલે આત્મસ્વરૂપ સન્મુખ વીર્યની પ્રવૃત્તિ.

આપણું જીવન મોક્ષ સન્મુખ છે અથવા સંસાર સન્મુખ છે તે જાણવા આપણા સ્વયંના ઉપયોગનું નિરીક્ષણ કરવું આવશ્યક છે. ઉપયોગ કયાં જાય છે... ક્યાં સ્થિર થાય છે... શેમાં લયલીન બને છે... કઇ અને કેવી ક્રિયાઓમાં વીર્ય ઉલ્લસીત થાય છે...? આ બધા પ્રશ્નોના જવાબ આપણા જીવનની દિશા બતાવી દેવા સમર્થ છે. જેમ જેમ આત્મોપયોગની લીનતા જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં વધતી જશે તેમ તેમ પરભાવનો ત્યાગ થતો જશે... વિભાવ દશા ઘટતી જશે અને સ્વભાવ દશા... સ્વરૂપ રમણતા... વધતી જશે...

**परसंगेण बंधो, मुक्खो परभाव चयणे होई ।**

પરના સંગથી બંધ થાય છે. પરભાવના ત્યાગથી મોક્ષ થાય છે.

પરના સંગી ઉપયોગનો ત્યાગ કરી આત્માના ઉપયોગને આત્મામાં સમાવી દેવાથી જ સાચી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.